# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૪ તા.૧૨-૦૭-૨૦૨૪

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધો.૩ થી ૮ ના શિક્ષકો માટેના ઓનલાઈન કોર્સ અંગેની ટેલીકોન્ફરન્સમાં શિક્ષકોને જોડાવવા ઓનલાઈન તાલીમ તેમજ ધો.૧ અને ૨ ના શિક્ષકો માટે વિવિધ પ્રકારના સાહિત્યના માર્ગદર્શન અંગેની ઓનલાઈન તાલીમ બાબત.

સંદર્ભઃ- ૧. ક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/૨૦૨૪-૨૫/૧૪૦૯૪-૧૪૨૦૫ તા.૦૮-૦૭-૨૦૨૪
૨. ક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/૨૦૨૪-૨૫/૧૪૩૦૯-૧૪૪૧૬ તા.૧૧-૦૭-૨૦૨૪
૩. પત્રક્રમાંક : સમગ્ર શિક્ષા/ કયુઈસેલ /૧/૨૦૨૪/By mail તા.૧૧-૦૭-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર ઓનલાઈન કોર્ષની માહિતી આપવાના ઉદ્દેશથી જીસીઈઆરટી દ્વારા તા.૧૨-૦૭-૨૦૨૪ના રોજ બપોરે ૪-૦૦ થી ૫-૦૦ ના સમય દરમ્યાન ટેલીકોન્ફરન્સનું જીવંત પ્રસારણ બાયસેગ ચેનલ-૫ના માધ્યમથી થનાર છે. તો દરેક શિક્ષકે આ ટેલીકોન્ફરન્સ નિહાળવા તથા ધો.૩ થી ૮ ના તમામ શિક્ષકોને ઓનલાઈન કોર્ષમાં જોડાઈને સંદર્ભિત પત્ર-૨માં આપેલ સૂચના અને દર્શાવેલ સમયગાળા દરમ્યાન તાલીમ મેળવવા જણાવવામાં આવે છે.

વિશેષમાં જણાવવાનું કે ધો.૧ અને ૨ ના વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રકારનું શૈક્ષણિક સાહિત્ય,એનઈપી-૨૦૨૦, નિપુણ ભારત, એફએલએન., એનસીએફ-એસસીએફના આધારે નિર્માણ કરવામાં આવેલ છે.ધો.૧ અને ૨ ના શિક્ષકોને સદર શૈક્ષણિક સાહિત્યના ઉપયોગ અને માર્ગદર્શન માટે બાયસેગની વંદે ગુજરાત ચેનલ નં.૫(પાંચ) મારફતે તા.૧૩-૦૭-૨૦૨૪ ને શનિવારના રોજ સવારે ૯-૩૦ કલાકથી ૧૦-૪૦ કલાક સુધી પ્રસારણ નિહાળવા જણાવવામાં આવે છે. આ પ્રસારણ ધો.૧ અને ૨ ભણાવતા શિક્ષકો, સી.આર.સી.કો.ઓ.,બી.આર.સી.કો.ઓ. તેમજ બી.આર.પી. નિપૂણે નિહાળવાનું રહેશે. આ પ્રસારણ બાયસેગ ઉપરાંત સમગ્ર શિક્ષાની યુ-ટ્યુબ ચેનલ પરથી પણ નિહાળી શકાશે.

તા.૧૨-૦૭-૨૦૨૪

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી